રાજ્યના વરિષ્ઠ નાગરિકોની વયમર્યાદા ૬૫ વર્ષથી ઘટાડી ૬૦ વર્ષ કરવા બાબત.

-----------------------------

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ વનપ/૧૦/૨૦૧૩/MP-૩૫૦૯૫૬(પાર્ટ)/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૯/૧૦/૨૦૧૩.
29 OCT 2013

વંચાણે લીધાઃ

(૧) સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર ક્રમાંકઃપવસ/૧૦૨૦૦૦/૧૦૨/ચ.૨, તા.૨૧.૨.૨૦૦૦.

પરિપત્રઃ

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ તા.૨૧.૨.૨૦૦૦ ના પરિપત્ર થી રાજ્યના ૬૫ (પાંસઠ) વર્ષથી વધુ વય ધરાવતા વરિષ્ઠ નાગરિકોને તેઓના રોજબરોજના પ્રશ્નો તેમજ તેમના કામ માટે અગ્રીમતા આપવામાં આવે અને આવશ્યક ચીજવસ્તુ મેળવવા લાઇન કે કતારમાં ઊભા રહેવું પડે નહીં તે માટે નીચે પ્રમાણે સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.

**(૧) વરિષ્ઠ નાગરિકોના પ્રશ્નો તથા કામને અગ્રીમતા આપવામાં આવે.**
**(૨) વરિષ્ઠ નાગરિકોને કતાર કે લાઇનમાં ઊભા રહેવું ન પડે.**

ભારત સરકારના મેઇન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટસ્ એન્ડ સિનિયર સિટીઝન્સ એક્ટ, ૨૦૦૭ (૨૦૦૭નો ૫૬મો)નો અમલ રાજ્ય સરકાર દ્વારા તા૭.૧૦.૨૦૦૮ના રોજ સ્વીકારવામાં આવેલ છે. આ કાયદા હેઠળ સિનિયર સિટીઝન્સ તરીકે ૬૦ વર્ષ કે તેથી વધુની વયના નાગરિકોને સિનિયર સિટીઝન્સ ગણવામાં આવેલ છે. આથી વરિષ્ઠ નાગરિકો માટે વંચાણે લીધેલા ક્રમ(૧)ના પરિપત્રમાં દર્શાવેલ ૬૫ (પાંસઠ) વર્ષની વયમાં ઘટાડો કરી ૬૦ વર્ષ કરવામાં આવે છે.

-૨-

આ પરિપત્ર સામાન્ય વહીવટ વિભાગના પરામર્શમાં રહીને આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા.૩.૧૦.૨૦૧૩ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ. એલ. ભગોરા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માનનીય મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના અન્ય સર્વે વિભાગો.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ. / સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર)
- સેક્શન અધિકારીશ્રી, ટ-શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ / નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.

.....